Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-14, Issue-2, September-2020
www.researchguru.net

# બાળકોને આનંદદાયી,રસપ્રદ અને ભાર વગરનું શિક્ષણ આપવામાં આધુનિક માહિતી સંચાર પ્રવાહ(ICT)નું પ્રદાન

(ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં અમલમાં આવેલ જ્ઞાનકુંજ પ્રોજેક્ટના સંદર્ભમાં)

**બ્રિજેશ મહાદેવભાઇ નાગપરા**
સંશોધક- પી.એચ.ડી. તથા શિક્ષક
પ્રાથમિક કન્યા શાળા ચાંગા
તા.પેટલાદ જિ. આણંદ (ગુજરાત)
મો.9725605783

**ડૉ. લોકેશ જૈન**
માર્ગદર્શક અને પ્રાધ્યાપક
ગ્રામ્ય વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર,
ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા– ગાંધીનગર
(ગુજારાત)E-mail: lokeshcsrm@yahoo.co.in મો. 9427026647

***<u>સાર સંક્ષેપ:</u>*** *શિક્ષણ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. કહેવાય છે કે બાળકના જન્મથી મૃત્યુપર્યંત સુધી શીખવાની પ્રક્રિયા ચાલુ જ રહેતી હોય છે. જો બાળકોને શિક્ષણમાં મજા પડે તો શિક્ષણ એક રમત બની જાય છે અને રમત રમવી કોને ગમે? વર્તમાનમાં શિક્ષણને વધુ આનંદદાયી અને રસપ્રદ બનાવવા માટે માહતી સંચાર ટેક્નોલોજી આધારિત પધ્ધતિઓનો ઉપયોગ શિક્ષણ જગતમાં શરૂ થયો છે. પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે આ પહેલ ગુજરાત સરકારશ્રીનાં મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ- જ્ઞાનકુંજ પ્રોજેક્ટના સ્વરૂપે હાલના વર્ષોમાં થઈ છે જેનો ધ્યેય શિક્ષણ સામાગ્રી અને પ્રસ્તુતીકરણ વ્યવસ્થાને વધુ રુચિકર બનાવી બાળકોના વિકાસને ખીલવવાનું છે જેથી તેઓ દુનિયાની ઝડપ સાથે તાલ મેળવી ભાવિ પડકોરોનું સામનો કરવા માટે સક્ષમ બની શકે.*

*સંશોધકે આ પ્રસ્તુતીકરણમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટથી બાળકોમાં રસ, રુચિ, વલણ વધે છે અને શિક્ષણ આનંદદાયી અને રસપ્રદ બને છે કે કેમ તે જાણવાનો એક નાનકડો પ્રયોગ કર્યો છે જે આનંદદાયી અને રસપ્રદ શિક્ષણ અને જ્ઞાનકુંજ પ્રોજેક્ટ વચ્ચે સેતુની ભૂમિકા ભજવશે અને બાળકોના ભાવિને રાષ્ટ્રનિર્માણની દૃષ્ટિએ બેહતર બનાવવા માટે યોગ્ય પ્રદાન સુનિશ્ચિત કરશે.*

***ચાવીરૂપ શબ્દ-*** *ભાર વિનાનું ભણતર, બાળકોનું શૈક્ષણિક વિકાસ, બાળ સુલભ સહજતા- બાળપણ, ગાંધીજીના શૈક્ષણિક વિચારો, જ્ઞાનકુંજ પ્રોજેક્ટની અસરકારક વિભાવના.*

**પ્રસ્તાવનાઃ** બાળ વિકાસનાં સંદર્ભે બાળકોની વર્તમાન શૈક્ષણિક સ્થિતિ.........

બાળ રાષ્ટ્રની અમૂલ્ય સંપતિ છે. મનોવિજ્ઞાનમાં એવું કહેવાય છે કે બાળકોનું 80 ટકા વિકાસ 0 થી 5 વર્ષની ઉમરે થઈ જાય છે. આધુનિક શિક્ષણ જગતમાં કદાચિત બાળકોને બહુ વિદ્વાન બનાવવાની કવાયત અને ઘેલછામાં બાળકોનું બાળપણ ક્યાંક ખોવાઇ ગયું છે તેમની સ્વાભાવિક ખીલખીલાટ ગુમ થઇ ચુકી છે. નાની ઉમરે ભણતરની શરૂઆત કરી દેવાની ફેશન બાળકોના વિકાસ માટે છે. બાળકોની લંબાઈ કરતાં તેમના દફ્તરનો આકાર વધારે હોય છે, તેમના વજન કરતાં ભણતરના સાધનો તેમનાં ઉપર વધતો જાય છે. એટલું જ નહિં આજનો બાળક ભણતરની ચિંતા સાથે ઉઠે છે અને એના થાકમાં સુતો હોય છે.

ખરેખર તે મહત્વાકાંક્ષાઓ અને ભૌતિકતાવાદી આંધળી દોડનો ભોગ બને છે. શાળા, કોચિંગ, હોમ વર્કના ચુંગલમાં ફંસાયેલ બાળકની દયનીય સ્થિતિ વિશે ખરેખર કોઈ વિચારતો જ નથી અને આ વ્યવસ્થામાં મોટો થતો બાળક મજબૂરીમાં ટેવાઈ જાય છે પણ જરા વિચારીએ ખરા કે એની શું કીંમત ચુકવતો હોય છે. વિદ્યાર્થી ઉપર રટણનો, પાસ થવાનો, બીજાથી આગળ નિકળી જવાનો સતત તણાવ હોય છે એવા વાતાવરણમાં રાષ્ટ્રોપયોગી માનવશક્તિ તૈયાર થાય છે એ એક મોટો પ્રશ્ન છે.

બાળકોનું સર્વાંગી વિકાસ અક્ષરજ્ઞાન કે અંગ્રેજીના જ્ઞાન ઉપર નહિં પણ ઉમર વયની સ્વાભાવિકતા સાથે કુદરતી ઘટકોનું પ્રત્યક્ષીકરણ, જિજ્ઞાસાવૃત્તિ, પહેલવૃત્તિ તથા સૃજનશક્તિના વિકાસમાં સમાયેલી છે. ગાંધીજી માનતા હતા કે દેશના વિકાસ માટે એવી માનવશક્તિની જરૂર છે

જે શરીરશ્રમને બધાવે છે, લોકો પ્રત્યે સંવેદનશીલ બનાવે છે અને ખરા-ખોટાનો વિવેક જાગૃત કરે છે. કોમળ બાળ મન પર માનસિક ત્રાસ ના થાય તેને જ્ઞાનાર્જનની પ્રક્રિયામાં મજા આવે અને બાળકો રમતા રમતા સીખે, ચરિત્ર ઘડતરને પ્રાધાન્ય આપે અને શિક્ષણનો સમાજોપયોગી વ્યવસ્થા સાથે અનુબંધ કરતાં સીખે તે જરૂરી છે.

**વર્તમાન શિક્ષણ વ્યવસ્થાથી દૂર ભાગતા અને શિક્ષણને ભારરૂપ અનુભવતા બાળકો........**

ઘણા બાળકો એવા છે જે શાળામાં આવા ઇચ્છતા નથી, શાળામાં આવીને ઉદાસીન રહે છે, તેમણે આ બધુ વાતાવરણ રસપ્રદ લાગતું નથી તેથી તે મનથી દૂર ભાગતા હોય છે. વર્તમાન સમયે જેનો સ્વીકાર થઇ રહ્યો છે તેવું રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ અંતર્ગત પ્રકરણ-૪ શાળા અને શિક્ષકોની જવાબદારી કલમ-૧૭ માં કોઈ પણ બાળકને શારીરિક શિક્ષા અને માનસિક કનડગત ઉપર પ્રતિબંધ છે.તેની પેટા કલમ-૨ માં આ કાયદાનો ભંગ કરનારની સામે શિસ્તવિષયક પગલા ભરવામાં આવશે તેવી વાત કરવામાં આવી છે. જયારે જમીની હકીકત સાથે જોડાયેલા આપણા ખ્યાતિનામ શિક્ષણવિદ ગિજુભાઈ બધકા વર્ષો પહેલા સોટી વાગે સમ સમ અને વિદ્યા આવે ધમ ધમ એ કહેવતને માનતા ન હતા. તેમને મન બાળકોને હસતા હસતા અને રમતા રમતા શાળામાં આવે તેવું ચાહતા અને તેવું વાતાવરણ ઉભું કરવા માંગતા હતા. શાળામાં આવતું બાળક ભયભીત ન બને, મુક્ત મને ભણે, શાળાએ આવવું ગમે તેવું ઇચ્છતા હતા. તેમને સ્થાપેલ બાલમંદિરમાં બાળકોને પ્રેમ અને હુફ આપીને શિક્ષણ આપ્યું છે.તેમને શાળામાં બાળકને આવવું ગમે અને હસતા હસતા શિક્ષણ મેળવે તેવું વાતાવરણ ઉભું કરીને તે વખતની અન્ય શૈક્ષણિક સંસ્થાઓને પ્રેરણા પૂરી પડી છે. જે દિશામાં આજે ફરીથી પુનર્વિચાર કરવાની જરૂરિયાત છે જેથી બાળકોને આનન્દ સાથે શિક્ષણની અનુભૂતિ કરાવી શકાય જે આજના શિક્ષણ જગત માટે ખૂબ જે મોટો પડકાર છે.

ઉપરોક્ત પડકારને ઝીલવા આધુનિક ટેકનોલોજી સાથે રહી ગુજરાત સરકારે માહિતી સંચાર વ્યવસ્થા આધારિત પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ શરૂ કર્યો છે જેમાં બાળ શિક્ષણને ભાર વગરના બનાવવાની રસપ્રદ કવાયદ કરવામાં આવે છે. જેથી બાળમન રટણ અને અદૃશ્ય દબાણ ઓછું થઇ શકે અને તેઓ બાળ સુલભ સહજતાથી જ્ઞાનાર્જન પ્રક્રિયાનો ભાગ બની શકે. વર્તમાન વ્યવસ્થાથી વાલીઓ પણ ચિંતામાં હોય છે અને બાળકો પણ તણાવમાં. એવામાં ગાંધીજીના શૈક્ષણિક વિચાર અને જ્ઞાનકુંજ પ્રોજેક્ટ કેવી રીતે મદદરૂપ નીવડી શકે તે સમજવાનું પ્રયાસ આ લેખમાં કરવામાં આવ્યું છે.

**પ્રાથમિક શિક્ષણના સ્તરમાં સુધાર માટે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ.............**

આજના સમયમાં બાળકને મોબાઈલ ગમે છે. આજનો બાળક મોબાઈલ પાછળ વધુ સમય બગાડે છે.કારણ કે મોબાઈલમાં આવતી દ્રશ્ય-શ્રાવ્ય સામગ્રી બાળકની મહત્વાકાંક્ષા સંતોષે છે. બાળકે એકવાર જોયેલ વિડીયો તરત જ યાદ રહી જાય છે. જો શિક્ષણમાં પણ દ્રશ્ય-શ્રાવ્ય સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે તો બાળકોમાં સંકલ્પના સિદ્ધિનો દર વધી શકે છે. બાળકો સહજે સહજે ઉત્સાહથી અભ્યાસ કરતા થઇ શકે છે. આવા જ આશયથી ગુજરાત સરકારનાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ દ્વારા દ્રશ્ય-શ્રાવ્ય સામગ્રીથી શિક્ષણ આપવાની વાત છે.આવનાર સમયમાં ગુજરાત સરકાર ગુજરાતની 10000 પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અમલમાં મુકવા જાઈ રહી છે. ત્યારે જ્ઞાનકુંજ પ્રોજેક્ટની અસરકારકતા સમજવી જરૂરી બને છે.

જ્ઞાનકુંજ પ્રોજેક્ટ પ્રાથમિક સ્તરે શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવાનો એક નવીન ડિજિટલ ICT આધારિત પ્રયાસ છે. તે પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે એક મહત્વકાંક્ષી યોજના છે જે સરકારી શાળાઓ સ્વેચ્છાએ સામે ચાલીને

આ યોજનામાં જોડાયા છે. આ પ્રોજેક્ટ શિક્ષણનાં ધ્યેયોને હાંસિલ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. ગ્રામિણ વિસ્તારમાં સરકારી પ્રાથમિક શાળાઓ પર ધ્યાનકેન્દ્રિત કરવાની જરૂર છે. આ શૈક્ષણિક સંસ્થામાં ICT અથવા ડિજિટલાઇઝેશન તરફ સરકારનો દ્રઢ નિર્ણય ક્રાંતિકારી પગલું છે. આ પ્રોજેક્ટ બાળકોને સકારાત્મક અને નવીનીકરણ તરફ વાળશે.આ પ્રોજેક્ટના અમલીકરણથી સરકારી શાળાઓ ICT થી સજ્જ બની ખાનગી શાળાઓ જેવી સુવિધા મેળવીને બાળકોને લાભ મળશે. એવું ધરવામાં આવે છે કે આ પ્રોજેક્ટથી બાળકોને અતિમહત્વપૂર્ણ અને કાર્યક્ષમ જટિલ સંકલ્પનાઓ સમજવામાં સરળતા રહેશે. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંકળાયેલા હિસ્સેદારોની ભૂમિકા મહત્વની રહેશે.ગુણવતાલક્ષી શિક્ષણ,નવીનીકરણ, ICTથી સજ્જ,હિસ્સેદારોનું હિત જાળવી રાખવું અને બાળકોને પ્રેરિત કરવા આ પ્રોજેક્ટની લાક્ષણીકતાઓ છે.

**સમસ્યા કથન અને વર્તમાન અભ્યાસની પ્રાસંગિકતા....**

શિક્ષણ એ વિકાસનો અગત્યનો પાયો છે. શિક્ષિત રાષ્ટ્ર તેની અગત્યની મૂડી ગણાય છે તેના ઉપર જ દેશનું ભાવિ નભે છે. એમાંય પ્રાથમિક શિક્ષણ તો ધરી તરીકે છે જો પાયો મજબૂત ના હોય તો એના ઉપર વિકાસની ભવ્ય ઇમારત કે ભવન ના બનાવી શકાય. આ પાયાને મજબૂતી પ્રદાન કરવા માટે શૈક્ષણિક જગતનાં કર્મશીલોએ ઘણા પ્રયોગો ભારત દેશની જમીન ઉપર કરેલ છે.

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ બુનિયાદી શિક્ષણની વાત કરી જેમાં વિદ્યાર્થી સ્વાબલંબી બનવાની લાયકાત અને કુશળતાઓથી સજ્જ થાય છે તથા સમાજ અને રાષ્ટ્ર માટે ઉપયોગી બને છે. સાચા શિક્ષણના સ્વરૂપને પરિભાષિત કરનારા સૂત્ર રૂપ તેમના ૩- એચ જાણીતા છે- 1 એચ- હાથનો પ્રતીક છે જે એવું કહે છે કે શિક્ષણ લોકોને એવી કુશળતાઓથી સજ્જ કરે કે તેઓ શિક્ષણ પ્રાપ્ત કરીને પોતાના જીવનમાં રચનાત્મક કામગીરી માટે ઉપયોગી સિદ્ધ થઈ શકે. 2 એચ હૃદય કે માનવીય સંવેદનાઓનું પ્રતિનિધિત્વ કરે છે જે સભ્ય અને અહિંસક સમાજ રચના માટે અનિવાર્ય છે. એટલે કે શિક્ષિત એને જ કહી શકાય છે જેના હૃદયમાં બીજા પ્રત્યે, દીન દુખી પ્રત્યે અને સમાજના જરૂરતમંદ વ્યક્તિ પ્રત્યે મનમાં કરૂણા અને દયા હોય. ૩ એચ બુદ્ધિ કે તાર્કિક ક્ષમતાનો પ્રતિનિધિત્વ કરે છે જે દરેક ઘટના, વસ્તુ, સંબંધ કે વ્યક્તિને સમજવા માટે તર્ક બુદ્ધિ કે ચેતના વિકસાવે છે. એમના વિચારના અનુયાયી અને સમર્પિત કર્મશીલ ગિજૂભાઈ બધેકાએ શિક્ષણ જગતને પોતાના વિચારો થકી બાળકોના સંકલિત વિકાસ માટે શિક્ષણના એવા નવા નવા પ્રયોગો સૂચવ્યા જે સર્વોદય અને અન્તોદયના વિચારના આધારે સર્વગ્રાહી છે વધા વર્ગો માટે સુગમ છે.

૨૧મી સદીએ જ્ઞાનની સદી તરીકે ઓળખવામાં આવે છે. આજે મેળવેલ જ્ઞાન આવતી કાલે જુનું થઇ જાય છે. ૨૧મી સદીનું શિક્ષણ વર્ગખંડની બહાર ચારે તરફ વિસ્તાર પામ્યું છે. આપણા દેશનાં શિક્ષણને પણ વિશ્વના દેશો સમકક્ષ બનાવવું જરૂરી છે. આજનું શિક્ષણ વર્ગખંડની ચાર દીવાલોમાંથી બહાર આવીને ઘર,સમાજઅને વિશ્વ સુધી વિસ્તરી ચૂક્યું છે ત્યારે વિદ્યાર્થીઓ માત્ર નિષ્ક્રિય શ્રોતા નથી.આજે વિદ્યાર્થી ખાલી મગજ સાથે આવતો નથી.કારણ કે વિવિધ માધ્યમો જેવા કે ટી.વી, રેડિયો, ન્યુઝપપેર, ઈન્ટરનેટ દ્વારા અનેક જ્ઞાન પીરસાઈ રહ્યું છે. આવા સંજોગોમાં શિક્ષકે માત્ર માહિતીનાં મશીનગનથી વિદ્યાર્થીઓના માનસિક ભારને વધારવાનો નથી.પરંતુ વર્ગખંડમાં એવું વાતાવરણ ઉભું કરવાનું છે કે શિક્ષણ રસમય અને આનંદદાયી બને. ચોક અને ટોક પદ્ધતિ હવે જૂની થઇ ગઈ છે.આ પદ્ધતિમાં શિક્ષક બોલે અને વિદ્યાર્થી સાંભળે છે. જે વર્ષોથી ચાલતી આવતી પધ્ધતિ છે.એક ચીની કહેવત છે કે એક ચિત્ર સો શબ્દોની ગરજ સારે છે.એટલે કે દ્રશ્ય

સામગ્રીથી બાળકો વધુ શીખે છે. દ્રશ્ય-શ્રાવ્ય સામગ્રી (ઈ –કન્ટેન્ટ) થી બાળકોને શીખવાની મજા આવે છે.તેના દ્વારા મેળવેલ જ્ઞાન લાંબો સમય સુધી યાદ રહે છે.આપણી સરકારે શિક્ષણમાં નવતર પ્રયોગો કરી અને પ્રાથમિક કક્ષાએ ઉન્નત ટેક્નોલોજી ઉપલબ્ધ કરાવી શૈક્ષણિક વ્યવસ્થાને વધુ અસરકારક અને વેગવાન બનાવવાના પગલાં લીધા છે જેથી વિદ્યાર્થિઓ રસ કેળવીને સીખે, પોતાનામાં આત્મસાત કરે, ગ્રહણ કરવાની શક્તિ વધારે.

**અભ્યાસના હેતુઓ**

- ICTના માધ્યમથી મળતું શિક્ષણ રસપ્રદ અને આનંદદાયી બને છે કેમ તેની તપાસ કરવી.
- જ્ઞાનકુંજ પ્રોજેક્ટનાં અમલ પછી બાળકોનો ભાર ઓછો થયો છે કે કેમ તે જાણવું.
- જ્ઞાનકુંજ પ્રોજેક્ટ સાથે સંકળાયેલ આચાર્ય અને શિક્ષકોના મતે શિક્ષણની ગુણવત્તામાં થયેલ સુધારો-વધારો તપાસવો.

અભ્યાસની ઉત્કલ્પનાઓ

- જ્ઞાનકુંજ પ્રોજેક્ટનાં અમલ પછી બાળકોનો શિક્ષણમાં રસ વધ્યો હશે.
- જ્ઞાનકુંજ પ્રોજેક્ટને કારણે બાળકોનો ભાર ઓછો થયો હશે અને શિક્ષણની ગુણવત્તા સુધરી હશે.

**સંશોધન પ્રવધિ-**

આ સંશોધન કાર્ય પ્રાથમિક માહિતી ઉપર આધારિત છે. સંશોધનમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ સાથે સંકળાયેલ આણંદ અને અહમદાવાદ જિલ્લાઓની 1-1 પ્રાથમિક શાળાઓ એમ કુલ 2 શાળાઓની પસંદગી કરવામાં આવી છે. અભ્યાસના મુખ્ય ઉત્તરદાતાઓ 6-7-8 ધોરણના વિદ્યાર્થીઓ છે. અહિં દરેક શાળામાંથી યદચ્છ રીતે દરેક વર્ગમાંથી 10-10 વિદ્યાર્થીઓ એમ કુલ 60 વિદ્યાર્થીઓની પસંદગી અભ્યાસ માટે કરેલ છે. માહિતી એકત્ર કરવા માટે અનુસૂચી, રૂબરૂ મુલાકાત, જુથ ચર્ચા, નિરીક્ષણ વગેરે પદ્ધતિઓનું ઉપયોગ કરેલ છે. એ સિવાય વર્ગ શિક્ષક અને શાળાના આચાર્ય પાસેથી માહિતી મેળવવામાં આવી છે જેમાં કુલ 6 શિક્ષક અને 2 આચાર્યોનું સમાવેશ થાય છે. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે અહી કેટલીક મર્યાદાઓનો સ્વીકાર કર્યો છે જેમ કે પ્રસ્તુત અભ્યાસ જ્ઞાનકુંજ પ્રોજેક્ટવાળી પ્રાથમિક શાળાના બાળકોની શૈક્ષણિક ગુણવત્તાની તપાસવા પુરતો માર્યાદિત છે.

ઉત્તરદાતાઓની પ્રાથમિક માહિતી

જાતિ પ્રમાણે વિદ્યાર્થિઓની સ્થિતિ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃત્તિ | | કુલ | |
|---|---|---|---|---|---|
| | | આણંદ | અમદાવાદ | આવૃત્તિ | ટકા |
| 1. | છોકરો | 12 | 18 | 30 | 50 |
| 2. | છોકરી | 18 | 12 | 30 | 50 |
| કુલ | | 30 | 30 | 60 | 100 |

**બૌદ્ધિક સ્તર પ્રમાણે વિદ્યાર્થિઓની સ્થિતિ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | જિલ્લાવાર સ્થિતિ | | | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | આણંદ | | અમદાવાદ | | આવૃત્તિ | ટકા |
| | | આવૃત્તિ | ટકા | આવૃત્તિ | ટકા | | |
| 1. | સારા | 8 | 26.67 | 10 | 33.33 | 18 | 30 |
| ટકા | | (44.44) | | (55.56) | | (100) | |
| 2. | સરેરાશ | 10 | 33.33 | 12 | 40 | 22 | 36.67 |
| ટકા | | (45.45) | | (54.55) | | (100) | |
| 3. | નબળો | 12 | 40 | 8 | 26.67 | 20 | 33.33 |
| ટકા | | (60) | | (40) | | (100) | |
| કુલ | | 30 | (100) | 30 | (100) | 60 | 100 |
| ટકા | | (100) | | (100) | | (100) | |

**જ્ઞાનકુંજ પ્રોજક્ટ પછી તેમણે ભણવામાં રસ પડે છે કે નહિં તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | જિલ્લાવાર સ્થિતિ | | | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | આણંદ | | અમદાવાદ | | આવૃત્તિ | ટકા |
| | | આવૃત્તિ | ટકા | આવૃત્તિ | ટકા | | |
| 1. | હા | 22 | 73.33 | 26 | 86.67 | 48 | 80 |
| ટકા | | (45.83) | | (55.56) | | (100) | |
| 2. | ના | 6 | 20 | 3 | 10 | 9 | 15 |
| ટકા | | (66.67) | | (33.33) | | (100) | |
| 3. | ખબર નથી | 2 | 6.67 | 1 | 3.33 | 3 | 5 |
| ટકા | | (66.67) | | (33.33) | | (100) | |
| કુલ | | 30 | (100) | 30 | (100) | 60 | 100 |
| ટકા | | (100) | | (100) | | (100) | |

**સંશોધન વિસ્તારમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ થકી શિક્ષણ વ્યવસ્થામાં વિદ્યાર્થિઓએ મહસૂસ કરેલ સુધારાઓ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિષયવસ્તુ પ્રમાણેની વિગત | વિષયવસ્તુના અનુસંધાને શાળાવાર આવૃત્તિ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | આણંદ જિલ્લાની શાળા | | અમદાવાદ જિલ્લાની શાળા | | કુલ | |
| | | આવૃત્તિ | ટકા | આવૃત્તિ | ટકા | આવૃત્તિ | ટકા |
| 1. | કાવ્યગાન | 22 | 100 | 26 | 100 | 48 | 100 |
| 2. | વાર્તા કથન | 20 | 90.90 | 24 | 92.31 | 44 | 91.67 |
| 3. | ભૂગોળના ખ્યાલો | 20 | 90.90 | 23 | 88.46 | 43 | 89.58 |
| 4. | ગાણિતિક રચનાઓ | 18 | 81.82 | 22 | 84.62 | 42 | 87.5 |
| 5. | વિજ્ઞાનના પ્રયોગો | 18 | 81.82 | 22 | 84.62 | 40 | 83.33 |
| 6. | વિવિધ ભાષાનો વાર્તાલાપ | 5 | 22.73 | 20 | 76.92 | 25 | 52.8 |
| 7. | અઘરા શબ્દો | 5 | 22.73 | 20 | 76.92 | 25 | 52.8 |

(નોંધ: આણંદ જિલ્લાની શાળામાંથી 22 અને અમદાવાદ જિલ્લાની શાળામાંથી 26 કુલ 48 વિદ્યાર્થિઓ દ્વારા સુધારાની અનુભૂતિ વિશે મંતવ્યો આપવામાં આવ્યા હતા તેથી અહિ ટકાવારીમાં ઉપરોક્ત સંખ્યાઓને યથાસ્થાન ધ્યાનમાં લેવામાં આવ્યા છે.)

**સંશોધન વિસ્તારમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટના સાધનોની ગુણવત્તા વિશે શિક્ષકોનાં મંતવ્ય દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | જ્ઞાનકુંજ અંતર્ગત મળેલ સાધન-સામગ્રી | સાધન-સામગ્રીની ગુણવત્તા વિશે જિલ્લાવાર શાળાઓના મંતવ્યો | |
|---|---|---|---|
| | | આણંદ જિલ્લાની શાળાના અધ્યાપકો | અમદાવાદ જિલ્લાની શાળાના અધ્યાપકો |
| ૧ | લેપટોપ | સારી | સારી |
| ૨ | વાઈટ-બોર્ડ | ઉતમ | ઉતમ |
| ૩ | રાઉટર | ઉતમ | ઉતમ |
| ૪ | ઈ-કન્ટેન | ઉતમ | ઉતમ |
| ૫ | પ્રોજેક્ટર | સારી | મધ્યમ |
| ૬ | ઈન્ટરનેટ | ઉતમ | ઉતમ |
| ૭ | આઈ.આર.કેમેરા | ખરાબ | સારી |
| ૮ | સ્પીકર | સારી | મધ્યમ |

**જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અન્તર્ગત ICT ના ઉપયોગ થકી મળેલ પરિણામની વિગત**

| જ્ઞાનકુંજ પ્રોજેક્ટને કારણે શાળાની શૈક્ષણિક ગુણવત્તાનું પરિણામ | અમદાવાદ જિલ્લાની શાળા | આણંદ જિલ્લાની શાળા |
|---|---|---|
| ઈ-કન્ટેનના માધ્યમથી | • કાવ્યગાન<br>• વાર્તા કથન<br>• ભૂગોળના ખ્યાલો<br>• ગાણિતિક રચનાઓ<br>• વિજ્ઞાનના પ્રયોગો<br>• અઘરા શબ્દો | • કાવ્યગાન<br>• વાર્તા કથન<br>• ગાણિતિક રચનાઓ<br>• વિવિધ ભાષાનો વાર્તાલાપ<br>• અઘરા શબ્દો |
| સ્માર્ટ બોર્ડના માધ્યમથી | • વિવિધ નકશા<br>• ભૌમિતિક આકારો<br>• ખૂણાના પ્રકાર<br>• આલેખ રચના | • વિવિધ નકશા<br>• ભૌમિતિક આકારો<br>• ચિત્રકામ/કલરકામ<br>• આલેખ રચના |

**જુથ ચર્ચા આધારિત તારણો....**

- જ્ઞાનકુંજ પ્રોજેક્ટને કારણે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓમાં શાળા પ્રત્યે હકારાત્મક ભાવ દ્રઢ થયો છે.શાળામાં નિયમિતતાનું પ્રમાણ વધ્યું છે. અધ્યાપકશ્રીઓ જણાવે છે કે જ્ઞાનકુંજ પ્રોજેક્ટના કારણે વિદ્યાર્થિઓ વિષય પર થોડાક રસ સાથે ધ્યાન આપતા થયા છે.
- આચાર્યશ્રી અને અધ્યાપકશ્રીઓ સાથે ચર્ચામાં થઈ જાણવા મળ્યું કે જ્ઞાનકુંજ પ્રોજેક્ટના અમલીકરણ પછી વિદ્યાર્થિઓની ઉપસ્થિતિમાં એક જ વર્ષ વર્ગવાર જોવા જઇએ તો સરેરાશ 10-15 ચકાનો વધારો થયો છે.
- જ્ઞાનકુંજ પ્રોજેક્ટને કારણે બાળકો હસતા હસતા અને રમતા-રમતા શિક્ષણ મેળવે છે. વિદ્યાર્થીઓ ઈ-કન્ટેનના માધ્યમથી અઘરા મુદ્દા, કાવ્યગાન,વાર્તા કથન જેવા મુદ્દા સરળતાથી શીખે છે. આ ઉપરાંત સ્માર્ટ બોર્ડના માધ્યમથી નકશાપુરણી,ભૌમિતિક આકારો,આલેખની રચના,ચિત્રકામ જેવા મુદ્દા સહેલાઈથી શીખે છે.

**ઉપસંહાર-**

પ્રાથમિક શિક્ષણને રસપ્રદ અને ભાર વિનાનું બનાવવા માટે ઘણા બાળ કેળવણીકાર અને શિક્ષણવિદોએ પ્રયત્ન કર્યા છે. જેમાં ગિજુભાઈ બધેકા, મેડમ મોન્ટેસરી,જુગતરામ દવે જેવા અનેક બાળપ્રેમી સાહિત્યકારોનો અને તેમને

રચેલા પુસ્તકોનો સમાવેશ થાય છે. વર્તમાન સમયમાં ICT ના માધ્યમથી શિક્ષણ આપવાની વાતનો છેડો ક્યાંક ગિજુભાઈના બાળ સાહિત્ય સાથે મળતો હોય તેવું લાગે છે. ગિજૂભાઈ બધેકાનો શૈક્ષણિક અભિગમ અને વર્તમાન શૈક્ષણિક વ્યવસ્થામાં માહિતી સંચાર સાધનોની અસરકારકતા જ્ઞાનકુંજ પ્રોજક્ટના સંદર્ભે એટલા માટે પ્રાસંગિક બની જાય છે કેમ કે ખરા વિકાસ માટે આપણે આપણા મૂલ્યોને સાચવી દુનિયાના વર્તમાન પ્રવાહ સાથે ચાલવું પડશે, બાળકોને એવા પડકારો સામે તૈયાર કરવું પડશે અને ભાવિ કેરિયર આગળ વધે તે અંગે સ્થિતિનો વિશ્લેષણ કરવાની જરૂરિયાત રહશે. તેથી વર્તમાન સંશોધન અભ્યાસ ગિજૂભાઈ બધેકાની શૈક્ષણિક વિચારસરણી સાથે ખૂબજ પ્રાસંગિક બની જાય છે.

અભ્યાસના અંતે કહી શકાય છે કે શિક્ષણ વ્યવસ્થામાં ICTનાં ઉપયોગથી બાળકો શાળામાં નિયમિત અભ્યાસ કરતા થયા છે, તેના લીધે વિદ્યાર્થિઓને શાળામાં ભણવું ગમે છે. શિક્ષકોને પણ નવા અભિગમથી કામ કરવાની મજા આવે છે. ઈ-કન્ટેનના લીધે બાળકોને અઘરા લગતા મુદ્દા સરળતાથી સમજાય જાય છે. કાવ્યગાન અને વાર્તાસ્વરૂપે આપેલ પાઠો ભણવાની મજા કઈક અલગ જ આવે છે. સામાજિક વિજ્ઞાનમાં રાજાઓનો ઇતિહાસ, નાગરિકશાસ્ત્રનાં ખ્યાલો અને ભૂગોળના નકશાઓની સમજ સરળ બની છે. આંતરરિયાણ વિસ્તારની શાળાઓમાં ICT આધારિત જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું સંચાલનમાં પૂરક સાધનોની નિરન્તરતા નડતરરૂપ બની છે જેના માટે વૈકલ્પિક વ્યવસ્થાની જોગવાઈ યોગ્ય છે જેથી બાળશિક્ષણને સર્વત્ર રસપ્રદ અને ગુણવત્તાયુક્ત બનાવી શકાય .

**સંદર્ભ સૂચી-**

1. આર.એચ.રાણા (2006) - "અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં કાર્યરત અધિકારીઓ અને શિક્ષકોના પ્રાથમિક શિક્ષણ સુધારણા માટેના અભિપ્રાયોનો અભ્યાસ".,ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ.

2. ગુજરાત સરકાર(2009):"રાઈટ ટુ એજ્યુકેશન",સર્વ શિક્ષા અભિયાન મિશન,ગાંધીનગર.

3. ગુજરાત સરકાર(2017):"જ્ઞાનકુંજ પ્રોજેક્ટના પરિપત્ર",સર્વ શિક્ષા અભિયાન મિશન,ગાંધીનગર.

4. ડૉ. ધીરુભાઈ ઠાકર(2018):"ગુજરાતી બાળવિશ્વકોશ ભાગ-૨",ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન,અમદાવાદ.

5. બધેકા ગિજુભાઈ ભગવાનજી(2005):"દીવા સ્વપ્ન",(પાંચમી આવૃત્તિ)નૂતન બાલશિક્ષણ સંઘ,ભાવનગર.

6. મો. ક. ગાંધી- "કેળવણી" ગૂજરાત વિદ્યાપીઠ પ્રકાશન, અમદાવાદ

7. મો. ક. ગાંધી- "હિન્દ સ્વરાજ" નવજીવન પ્રકાશન, અમદાવાદ

8. ગુજરાત સરકાર- જ્ઞાનકુંજ પ્રોજેક્ટની વેબસાઇટ